ખુબજ અગત્યનું

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૧/ ૨૯૯૮

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,

ગાંધીનગર. તા.૧૯/૦૪/૨૦૨૧

પ્રતિ,

આચાર્યશ્રી,

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,

ગુજરાત રાજ્ય.

વિષય:- COVID-19 ની સાંપ્રત પરિસ્થિતિમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોને માન. રાજ્યપાલશ્રી અને માન. મંત્રીશ્રી, (શિક્ષણ) દ્વારા પ્રેરણા, પ્રોત્સાહન અને પથદર્શન માટે યોજાનાર કાર્યક્રમ નિહાળવા બાબત.

સંદર્ભ :- તા.૧૯/૦૪/૨૦૨૧ ના રોજ માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રીએ આપેલ સુચના.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, COVID-19 ની મહામારીની પરિસ્થિતિમાં, સમાજને આપણા માનસિક, શારીરિક ટેકાની, હૂંફની, માર્ગદર્શનની તથા પ્રેરણાની જરૂર છે. રાજયના તમામ લોકો સુધી આ બાબતે યોગ્ય સંદેશો પહોંચી શકે તે માટે પ્રેરણા, પ્રોત્સાહન અને પથદર્શન માન. રાજ્યપાલશ્રી, માન. મંત્રીશ્રી, (શિક્ષણ) ની ઉપસ્થિતિમાં બાયસેગના માધ્યમથી આપનાર છે. ઉક્ત કાર્યક્રમનું જીવંત પ્રસારણ વંદે ગુજરાત ચેનલ-૧ તેમજ **GSHSEB GANDHINAGAR** ની **Youtube** ચેનલ મારફતે **Live** નિહાળવા માટે રાજયમાં આવેલી તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ૧૦૦% શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ COVID-19 ની ગાઈડલાઈન મુજબ શાળામાં બેઠક વ્યવસ્થા ગોઠવીને તા.૨૪/૦૪/૨૦૨૧ ને શનિવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકથી ૧૧:૩૦ કલાક દરમિયાન ઉક્ત કાર્યક્રમ નિહાળે તેવી વ્યવસ્થા કરવા વિનંતી કરવામાં આવે છે.

(ડી.એસ.પટેલ)

સચિવ

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

ગાંધીનગર

નકલ રવાના જરૂરી કાર્યવાહી સારૂ :-

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તમામ, ગુજરાત રાજય. જિલ્લામાં આવેલી તમામ શાળાઓમાં ઉક્ત કાર્યક્રમ COVID-19 ની ગાઈડલાઈન મુજબ નિહાળે તેવી વ્યવસ્થા કરવા સારૂ.